તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૩ | ૧૩ જૂન, ૨૦૧૬, સોમવાર ; જેઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## હિમાચલમાં બસ ખીણમાં પડતા ૮ લોકોના મોત

સોલાન,તા. ૧૨

હિમાચલ પ્રદેશના સોલાનમાં યાત્રી બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા છે અને ૨૦ લોક ઘાયલ થયા છે. ઘાયલ થયેલા પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મૃત્યુ પામેલા આઠ લોકોમાં પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. દરલાઘાટ નજીક ઉંડી ખીણમાં આ બસ ખાબકી ગઈ હતી. ખાનગી બસ ૧૫૦ ફૂટ ઉંડી ખીણમાં ગબડી પડતા બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી.


## બે પાકિસ્તાની દાણચારો ઠાર

ફઝિલ્કા,તા. ૧૨

ભારત પાકિસ્તાન સરહદ પર બે પાકિસ્તાની ઘુસણખોરોને બીએસએફના જવાનોએ ઠાર કરી દીધા છે. આ દાણચોરો ભારતીય સરહદમાં ઘુસણખોરીના પ્રયાસમાં હતા. પંજાબમાં ફઝિલ્કામાં થયેલી અથડામણમાં અન્ય એક પાકિસ્તાની સ્મગલર્સ ઘાયલ થયો હતો. સરહદી ચોકી ઉપર આ બનાવ બન્યો હતો. ફરજ બજાવતા બીએસએફના જવાનોએ સરહદી વાડ નજીક સ્મગલર્સની ગતિવિધિને નિહાળી હતી ત્યારબાદ તેમને શરણાગતિ સ્વીકારી લેવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ આ દાણચોરોએ જવાનો ઉપર ગોળીબાર કરી દીધો હતો. ગોળીબારમાંબંને પાકિસ્તાની દાણચોરો ઠાર થયા હતા.

# સાયના નેહવાલને વધુ એક તાજ

### ઓસ્ટ્રેલિયન ઓપન સુપર સીરીઝ જીતી નવો ઇતિહાસ સર્જ્યો : ત્રણ ગેમની રોમાંચક ફાઇનલમાં સાયના નેહવાલે ચીનની સ્ટાર ખેલાડી સૂન યૂ પર જીત મેળવી : સાયનાએ રિયો ઓલિમ્પિકની તૈયારીને ધારદાર બનાવી




સિડની,તા. ૧૨

ભારતની સ્ટાર બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે રિયો ઓલિમ્પિકથી પહેલા પોતાની તૈયારીઓને વધુ ધારદાર બનાવીને આજે ચીનની સુન યૂ ઉપર શાનદાર જીત મેળવી લીધી હતી. આની સાથે બીજી વખત ઓસ્ટ્રેલિયન ઓપન સુપર સિરિઝનો તાજ જીતી લીધો હતો. ત્રણ ગેમની રોમાંચક ફાઈનલ મેચમાં સુન યૂ ઉપર સાયના નેહવાલે જીત મેળવી હતી. સાયનાએ વિશ્વની ૧૨મી ક્રમાંકિત ખેલાડીને ૧ કલાક અને ૧૧ મિનિટ સુધી ચાલેલી ફાઈનલ મેચમાં ૧૧-૨૧, ૨૧-૧૪, ૨૧-૧૯થી હાર આપી હતી. લંડન ઓલિમ્પિકની કાંસ્ય ચંદ્રક વિજેતા સાયના નેહવાલે ક્વાર્ટર ફાઈનલમાં થાઈલેન્ડની રેચાનોક અને સેમિફાઈનલમાં વાંગ ઉપર જીત મેળવી હતી. જે ક્રમશઃ ૨૦૧૩ અને ૨૦૧૧માં વિશ્વ ચેમ્પિયન રહી ચુકી છે. આ સત્રની પ્રથમ ટ્રોફી જીતવાની સાથે સાથે સાયનાને ૫૬૨૫૦ ડોલરની ઈનામી રકમ મળી હતી. સાયનાએ વર્ષ ૨૦૧૪માં પણ જીત મેળવી હતી. સાયનાને આ ટ્રોફી માટે લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી હતી. દિલ્હીમાં ઈન્ડિયા સુપર સિરિઝમાં જીત મેળવી હતી. સાયનાએ છેલ્લા પાંચ મુકાબલામાં અગાઉ સૂનને હાર આપી હતી પરંતુ આ વખતે જોરદાર પડકારનો સામનો કરવો પડ્યો હતો. સાયનાને કેટલીક ભુલના પરિણામો ભોગવવા પડ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપની કારોબારીમાં મુરલી મનોહર જોશીને આમંત્રણ નહિ

### વાજપેયી, અડવાણીની સાથે ભાજપના ત્રણ સ્તંભો પૈકીના એક મુરલી મનોહર જોશીને અપમાનિત કરાતા નારાજગી



અલ્હાબાદ, તા. ૧૨

અલ્હાબાદમાં શરૂ થયેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ભાગ લેવા માટે ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીને આમંત્રણ આપવામાં આવ્યું નથી. જેના કારણે પાર્ટીમાં તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીની સાથે ભાજપના ત્રણ સ્તંભો પૈકીના એક મુરલી મનોહર જોશી હવે પાર્ટીની લીડરશીપની આસપાસ દેખાઈ રહ્યા નથી. રાષ્ટ્રીય કારોબારીમાં પણ તેમને આમંત્રણ આપવામાં આવ્યું નથી. ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ મુરલી મનોહર જોશીને પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બે દિવસીય બેઠકમાં આમત્રણ આપવામાં આવ્યું નથી. આ ઉપરાંત કોઈપણ જગ્યાએ પોસ્ટર અથવા હોર્ડિંગ્સમાં પણ તેઓ દેખાઈ રહ્યા નથી.

# ફ્લોરિડા નાઈટ ક્લબમાં અંધાધૂંધ ગોળીબાર


ફ્લોરિડા, તા.૧૨

ફ્લોરિડામાં લોકોથી ભરચક પલ્સ નામના ગે નાઈટ ક્લબમાં એક કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અંધાધૂંધ ગોળીબાર કરનાર શખ્સ કેટલાક ઘટનાને સ્થાનિક ત્રાસવાદની ઘટના તરીકે ગણાવીને ઉંડી તપાસ હાથ ધરી છે. પોલીસે આ બંદૂકધારીની

### ગોળીબારમાં ૩૦થી વધુના મોત : અસંખ્ય ઘાયલ : અંધાધૂંધ ગોળીબાર કરનાર શખ્સને અંતે ઠાર મારી દેવાયો : સમગ્ર ઘટનાની અમેરિકના પ્રમુખ ઓબામાએ પણ નોંધ લીધી :શુક્રવારે જ લોકપ્રિય ગાયિકા ક્રિસ્ટીના ગ્રીમીની હત્યારાએ ઘાતકી હત્યા કરી દીધી હતી

બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કરતા આમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે અને અન્ય ૪૨ લોકો ઘાયલ થયા છે. જે પૈકી લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં હથિયારો ઠાર થયો હતો. અમેરિકી સત્તાવાળાઓએ આ ઓળખ અફઘાન નાગરિક ઓમર માટીન તરીકે કરી છે. બીજી બાજુ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ

● અનુસંધાન પાન-૭ પર



# નવા વિચારને આવકારવાનો સમય છે : મોદી

### ભારે ઉત્સાહ વચ્ચે અલ્હાબાદમાં કારોબારીનો આરંભ : કરોડો યુવાનોના વિચારોને જાણીને જરૂરી પરિવર્તન કરીને આગળ વધવા અને કાર્યકરોને એક સાથે રાખવાની જરૂર

અલ્હાબાદ, તા.૧૨

અલ્હાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની અતિ મહત્વપૂર્ણ બેઠક આજે ભારે ઉત્સાહ અને આશાવાદના માહોલમાં શરૂ થઇ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સહિતના તમામ નેતાઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા છે. મોદીએ કારોબારીની બેઠકમાં હોદ્દેદારોને સંબોધતા કહ્યું હતું કે, હવે નવી વિચારધારા અને નવી યોજના સાથે આગળ વધવાનો સમય આવી ગયો છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, નવી વિચારધારા સાથે પાર્ટી આગળ વધીને લોકોના મનને જાણે તે જરૂરી છે. મોદી સાંજે કોરાબારીની બેઠકમાં પહોંચ્યા હતા. પક્ષ પ્રમુખ અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે આમા એજન્ડા તૈયાર કરવામાં આવનાર છે. બે દિવસીય કારોબારી આવતીકાલે પુરી થશે ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક રેલીને પણ સંબોધનાર છે. કારોબારીની બેઠક શરૂ થયા બાદ અમિત શાહે સંબોધનમાં કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ઉલ્લેખનીય પ્રગતિ કરી રહી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં સામેલ થયેલા હેમંત વિશ્વાસ શર્માએ આસામમાં ભાજપની જીતમાં મોટી ભૂમિકા અદા કરી હતી. કોરાબારીની બેઠકમાં પ્રથમ દિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. મોદીએ ટૂંકમાં સંબોધન કર્યુંહતું. તેમણે કહ્યું હતું કે, જે કાર્યકરો ભાજપ સાથે જોડાયેલા છે તેમને એક સાથે રાખીને આગળ વધવાનો સમય છે. ૮૦ કરોડ યુવાનોના વિચારોને જાણીને જરૂર પ્રમાણે પરિવર્તનો થવા જોઈએ. અમિત શાહે કહ્યું હતું કે, મોદી સરકારના બે વર્ષ ખુબ સફળ રહ્યા છે. દુનિયાભરમાં દેશનું સન્માન વધ્યું છે. બેઠકમાં કેન્દ્રિય પ્રધાનમંડળના સભ્યો, ભાજપ શાષિત રાજ્યોના મુખ્યપ્રધાનો અને સાંસદ ભાગ લઈ રહ્યા છે. આ બેઠકમાં વિધાનસભા ચૂંટણી માટેના એજન્ડાને આખરી ઓપ આપવામાં આવનાર છે. અલ્હાબાદ શહેરથી જવાહર લાલ નહેરુથી લઈને વીપીસિંહ જેવાનેતા બોધપાઠ લઈ ચુક્યા છે. અહીં બેઠક યોજવા પાછળ કેટલાક કારણો છે. ઉત્તરપ્રદેશની રાજનિતીમાં મોટા ફેરફારના હેતુ સાથે આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. શાહે હાલમાં જ એક રેલીને સંબોધતા કહ્યુ હતુ કે જો કોઈ રાજ્ય ભાજપને સંસદમાં બહુમતિ અપાવવામાં અગ્રણી છે તો તે ઉત્તરપ્રદેશ છે. હાલમાં ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે. કારણ કે પાર્ટીની સ્થાપના થયા બાદથી પ્રથમ વખત ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આ શહેરમાં યોજાઈ રહી છે.ભાજપની કારોબારીની બેઠકમાં ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી ઉપરાંત અન્ય પાસા પર ચર્ચા થઈ રહી છે. ઉત્તર પ્રદેશમાં વર્ષ ૧૯૯૦માં ભાજપની સ્થિતી ખુબ મજબુત હતી. અલબત્ત વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી યોજાયા બાદ ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો. ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાદુ હેઠળન રાજ્યમાં લોકસભાની ૮૦ પૈકી ૭૮ બેઠકો પર ચૂંટણી લડીને ૭૧ પર જીત મેળવી હતી.



ઉત્તરપ્રદેશમાં ભાજપનો આ સર્વશ્રેષ્ઠ દેખાવ હતો. જેના માટેની ક્રેડિટ મોટી અને અમિત શાહને જાય છે. આ બન્નેએ ભારે કુશળતા દર્શાવી હતી. અલ્હાબાદમાં કારોબારી બાદ રેલી સોમવારના દિવસે યોજાશે. એસપીજીના જવાનો સર્કિટ હાઉસની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા પણ કરી રહ્યા છે જ્યાં વડાપ્રધાન મોદી રોકાયા છે. સુરક્ષા વ્યવસ્થામાં ઉત્તર પ્રદેશ પોલીસના ૨૦ જિલ્લાઓમાંથી જવાનોને બોલાવવામાં આવ્યા છે. અલ્હાબાદ ઝોનના પોલીસ મહાનિદેશક આરકે ચતુર્વેદીના કહેવા મુજબ ૧૮ એસપી રેંકના અધિકારી, ૩૦ વધારાના પોલીસ અધિક્ષક, ૫૦ સર્કલ ઓફિસર, ૨૫૦૦ કોન્સ્ટેબલ અને પ્રાંતિય સશસ્ત્ર દળના ૧૮ જવાનો સુરક્ષા વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા છે. આ ઉપરાંત બોંબ નિષ્ક્રિય કરતી ટુકડી પણ ગોઠવી દેવામાં આવી છે.

## ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાની આગાહી

અમદાવાદ,તા. ૧૨

ગાંધીનગ-અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે વાદળછાયુ વાતાવરણ હોવા છતાં બપોરના ગાળામાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કરવો પડ્યો હતો. બીજી બાજુ અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. નિચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશામાં પવનો ફુંકાઈ રહ્યા છે. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે રાજ્યમાં સૌથી વધુ તાપમાન ભાવનગરમાં ૪૨.૧ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ અમદાવાદમાં પારો ૪૧.૪ અને ગાંધીનગરમાં પારો ૪૧ ઉપર રહ્યો હતો. વીવીનગરમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગરમીમાં તીવ્ર વધારો હવે થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે મોનસુનની એન્ટ્રી થવાની હવે રાહ જોવામાં આવી રહી છે.

કેરળમાં મોનસુની વરસાદની શરૂઆત થઈ ચુકી છે અને આની સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી ચુકી છે. આવી સ્થિતિમાં ગુજરાતમાં પણ વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. આંશિક વાદળછાયુ વાતાવરણ અમદાવાદમાં જોવા મળે તેવી શક્યતા હવામાન વિભાગ તરફથી વ્યક્ત કરવામાં આવી છે. મુંબઈમાં પણ મોનસુન પહેલા વરસાદી ઝાપટા પડી ચુક્યા છે. ગુજરાતમાં મોનસુન પહેલાના મોનસુની ઝાપટા હજુ સુધી પડ્યા નથી. રાજ્ય માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, દક્ષિણ ગુજરાત, દમણ, દાદરાનગર હવેલીમાં હળવા વરસાદી ગાજવીજ સાથે છાંટા પડી શકે છે.

મોનસુનની એન્ટ્રી કોઈપણ સમયે થઈ શકે છે. કારણ કે, કેરળ અને દેશના અન્ય ભાગોમાં મોનસુનની પ્રગતિ ઝડપથી થઈ રહી છે. જેના લીધે તાપમાન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. સવારમાં વરસાદી વાદળા જોવા મળી રહ્યા છે. લોકોની ઉત્સુકતાનો હજુ અંત આવ્યો નથી.











